ગ્રાન્ટ-ઈન-એઈડ કુમાર છાત્રાલયમાંથી
કન્યા છાત્રાલયમાં તબદીલ કરવા બાબત

**ગુજરાત સરકાર**

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

ઠરાવ ક્રમાંક: છતલ/૧૦૨૦૨૦/૭૩૮/ક

સચિવાલય, ગાંધીનગર

તા.૧૬/૦૬/૨૦૨૧

**વંચાણમાં લીધા:**

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૨/૦૫/૧૯૬૯નો ઠરાવ ક્રમાંક: બીસીએચ-૧૦૬૭-૩૭૦૮-૬૯-જ

(૨) નિયામકશ્રી(અ.જા.ક.)નો તા.૧૦/૦૯/૨૦૨૦નો પત્ર ક્રમાંક: અજાક-ગ-છતલ-૫૦૭૫-૨૦૨૦

**આ મુ ખ :**

વંચાણે લીધેલ ક્રમાંક: (૧) પરના વિભાગના તા.૨૨/૦૫/૧૯૬૯ના ઠરાવથી ગ્રાન્ટ ઈન એઈડ છાત્રાલયોને માન્યતા અને સહાયક ગ્રાન્ટ આપવાના નિયમો નક્કી થયેલા છે. તેમજ સમયાંતરે ઠરાવમાં જરૂરી સુધારા કરવામાં આવેલ છે. વંચાણે લીધેલ ક્રમાંક: (૨) પરના નિયામકશ્રી(અજાક)ના તા.૧૦/૦૫/૨૦ના પત્રથી શ્રી દલિત વિકાસ ટ્રસ્ટ,જામકંડોરણા સંચાલિત સાર્વજનિક કુમાર છાત્રાલય, મુ.તા.જામકંડોરણા જિ.રાજકોટને કુમાર છાત્રાલયમાંથી કન્યા છાત્રાલયમાં તબદીલ કરવા દરખાસ્ત કરેલ હતી. જે સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠ રા વ :**

પુખ્ત વિચારણાને અંતે, સરકારશ્રીની કન્યા કેળવણીની નિતીને પ્રોત્સાહન આપવા તથા કન્યાઓના શૈક્ષણીક હિતને ધ્યાને લઈ શ્રી દલિત વિકાસ ટ્રસ્ટ, જામકંડોરણા સંચાલિત સાર્વજનિક કુમાર છાત્રાલય, મુ.તા.જામકંડોરણા, જિ.રાજકોટને કુમાર છાત્રાલયમાંથી કન્યા છાત્રાલયમાં તબદીલ કરવાનું નીચેની શરતોને આધિન આથી ઠરાવવામાં આવે છે.

**શ ર તો:**

(૧) છાત્રાલયના કુમારો માટે યોગ્ય વૈકલ્પિક વ્યવસ્થા સંસ્થાએ કરવાની રહેશે.

(૨) છાત્રાલયના મકાનની યોગ્ય મરામત હંમેશા માટે સંસ્થાએ કરવાની રહેશે.

ઉક્ત તબદીલી કરવામાં આવેલ છાત્રાલય શરૂ થાય તે અંગેની સઘળી આનુષંગિક કાર્યવાહી થાય તે જોવા તથા તેના યોગ્ય અમલ માટે સબંધિતોને જરૂરી સૂચના આપવાની જવાબદારી નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગાંધીનગરની રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર માન.મંત્રીશ્રી(સા.ન્યા.)ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ડૉ. રાજેશ આર. બલદાણિયા)
ઉપ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ

પ્રતિ,

- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ,
  ડૉ.જીવરાજ મહેતા ભવન,
  ગાંધીનગર.

**નકલ રવાના:**

- માન. મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- સંબંધિત જિલ્લા નાયબ નિયામકશ્રી(અ.જા.) (નિયામકશ્રી મારફત)
- સેક્શન અધિકારીશ્રી(કો.સેલ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય તરફ વિભાગની વેબસાઇટ પર મૂકવાની વિનંતીસહ
- સિલેકટ ફાઇલ-૨૦૨૧